ટૂંકી મુદ્દતનો પ્રશ્ન

તા: ૨૪/૦૯/૨૦૨૦

અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના

ટૂં.મુ. પ્રશ્ન ક્રમાંક ૩૮ શ્રી બાબુભાઇ પટેલ (દસક્રોઇ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)

જણાવવા કૃપા કરશે કે:

**પ્રશ્ન**

(૧) સન ૨૦૨૦ ના વર્ષમાં તા.૧૦/૦૯/૨૦૨૦ ની સ્થિતિએ કોરોના મહામારીના કારણે ઉભી થયેલ પ્રતિકૂળ પરિસ્થિતિમાં રાજ્યના અર્થતંત્રને પુન: વેગવંતુ કરવા રાજ્યમાં આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનામાં (AGSY) અમલમાં મુકેલ છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) વૈશ્વિક રોગચાળાને વધુ ફેલાતો અટકાવવા માટે બે મહિના સુધી રાજ્યભરમાં લોકડાઉન કરવામાં આવેલ. જેને લીધે અન્ય વિકસિત દેશોની સરખામણીમાં કોરોના રોગચાળાથી ગુજરાત ઓછું પ્રભાવિત થયું છે. કોવિડ–૧૯ રોગચાળાને પહોંચી વળવા માટે રાજ્ય સરકારે ખાદ્ય સુરક્ષા, આરોગ્ય સેવા સંબંધિત ક્ષેત્રોમાં અનેક પગલાં લીધા છે. પરંતુ, રાજ્યમાં કોવિડ–૧૯ મહામારીના કારણે રાજ્યની અર્થ વ્યવસ્થા ઉપર વિપરીત અસર થયેલ છે.આ બાબતને ધ્યાનમાં રાખીને, કોવિડ–૧૯ પછીની મહામારીની પરિસ્થિતિ હેઠળ રાજકોષીય પુનર્ગઠન સહિતના આર્થિક પુનરુત્થાનના પગલાં પર ચર્ચા કરવા અને સૂચક પગલાં પૂરા પાડવા માટે વિવિધ આર્થિક ક્ષેત્રો ના નિષ્ણાતોની એક સમિતિ(અઢિયા સમિતિ)ની રચના કરવામાં આવી છે. સમિતિની ભલામણને ધ્યાનમાં રાખીને રાજ્યના તમામ વર્ગના નાગરીકોને નાણાકિય સહાય પુરી પાડવાના હેતુથી તા.૦૫/૦૬/૨૦૨૦ના રોજ **રૂ. ૧૪૦૨૨.૨૬ કરોડના "ગુજરાત આત્મનિર્ભર પેકેજ હેઠળ"** નીચેની યોજનાઓની જાહેરાત કરવામાં આવી છે.

પેકેજના મુખ્ય ઘટકો નીચે મુજબ છે:

- પ્રોપર્ટી ટેક્સ, વીજ બિલ અને વાહન કરમાં માફી અને રાહત (રૂ. ૨૩૦૦ કરોડ)
- ઉદ્યોગો અને વ્યવસાય માટે પ્રોત્સાહક સબસિડી (રૂ. ૩૦૩૮કરોડ)
- વેટ અને જીએસટી કાયદા હેઠળ વહીવટી સરળતા
- જીઆઇડીસીમાં ઉદ્યોગોને આર્થિક પ્રોત્સાહન અને વહીવટી સરળતા (રૂ. ૪૫૮.૫૯ કરોડ)
- હાઉસિંગ સેક્ટર (રૂ. ૧૦૦૦ કરોડ)
- કૃષિ, પશુપાલન અને મત્સ્યોદ્યોગ (રૂ. ૧૧૯૮૦ કરોડ)
- સ્વરોજગાર (રૂ. ૫૨૫ કરોડ)
- શ્રમિક કલ્યાણ (રૂ. ૪૬૬ કરોડ)
- અન્ય રાહતો (રૂ. ૫૦૪૪.૬૭કરોડ)

(૨) જો હા, તો ઉક્ત **સ્થિતિએ** અમદાવાદ અને રાજકોટ જીલ્લામાં આ યોજના અંતર્ગત રાજ્ય સરકારે કેટલી નાણાકીય ફાળવણી કરેલ છે, અને

(૨)

| ક્રમ | જિલ્લો | ફાળવણી (રૂપિયા કરોડમાં) |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૦૪૫.૪૮ |
| ૨ | રાજકોટ | ૪૮૧.૫૭ |
| | **કુલ** | **૧૫૨૭.૦૫** |

(૩) ઉક્ત જિલ્લાઓમાં ઉક્ત સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય કરવામાં આવેલ છે

(૩) જુદા જુદા વિભાગોની વિવિધ યોજનાઓ દ્વારા ગુજરાત આત્મનિર્ભર પેકેજ હેઠળ લાભાર્થીઓને લાભ આપવામાં આવે છે. જેનું અમલીકરણ પ્રગતિમાં હોઇ લાભાર્થીઓની સંખ્યા અને સહાયની ચોક્કસ વિગતો આપવી શક્ય નથી.